## (1) તાજેતરમાં લોંચ થયેલ મની (MANI) એપ્લિકેશનના સંદર્ભમાં નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) તે ચલણી નોટોના મૂલ્યવર્ગને ઓળખવામાં અંધ લોકોને મદદ કરે છે.
(2) આ એપ્લિકેશન એ પણ પ્રમાણિત કરે છે કે નોટ વાસ્તવિક છે કે નકલી.
(3) આ એપ્લિકેશન એ ફક્ત ઓનલાઈન મોડમાં કાર્ય કરે છે.

(A) માત્ર (1)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ (RBI) દ્વારા દષ્ટિબાધિત લોકોને ચલણી નોટોની ઓળખ કરવા માટે એક મોબાઈલ એપ્લિકેશન 'મોબાઈલ એડેડ નોટ આઈડેન્ટિફાયર'ની (MANI) શરૂઆત કરી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ એપ્લિકેશનની નીચેની કેટલીક સુવિધાઓ આપે છે.

- તે નોટની આગળ અથવા પાછળની બાજુ ચકાસીને પ્રકાશની વિસ્તૃત રેંજમાં મહાત્મા ગાંધી શ્રેણીની નોટો અને મહાત્મા ગાંધી નવી શ્રેણીની નોટોની ઓળખ કરવામાં સક્ષમ છે.
- હિન્દી/અંગ્રેજીમાં ઓડીયો સુચના અને કંપન (દષ્ટિ અને સાંભળવાની ખોટવાળા લોકો માટે યોગ્ય) જેવા નોન–સાઉન્ડ મોડ્સ દ્વારા નોટ પર છપાયેલ મૂલ્યને ઓળખી શકે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)
- એકવાર ઈન્સ્ટોલ થઈ ગયા પછી આ મોબાઈલી એપ્લિકેશનને ઈન્ટરનેટનીજરૂર હોતી નથી અને ઓફલાઈન મોડમાં પણ કાર્ય કરે છે.
- આ મોબાઈલ એપ્લિકેશન નોટના અસલી કે નકલી હોવાનું પ્રમાણિત કરતી નથી. (આથી, વિધાન (2) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2) કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) યોજનાનો ઉદ્દેશ્ય એકલ પ્રણાલીના માધ્યમથી ખેડૂતોને નીચેનામાંથી કઈ સમગ્ર ઋણ જરૂરિયાત માટે લચીલી અને સરળીકૃત પ્રક્રિયાની સાથે બેંકિંગ પ્રણાલીથી પર્યાપ્ત અને સમય પર ધિરાણ સહાયતા પ્રદાન કરવાનું છે ?

(1) પેદાશનું માર્કેટિંગ

(2) કૃષિ સંપત્તિનું મેન્ટેનન્સ

(3) ખેડૂત પરિવારોની વપરાશ જરૂરિયાતો

(4) લણણી સિવાયનો ખર્ચ

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ વર્ષ **1998**માં કિસાન ક્રેડિટ કાર્ડ **(KCC)** યોજના શરૂ કરવામાં આવી હતી. જેનો હેતુ ખેડૂતોને તેઓની સમગ્ર ધિરાણ જરૂરિયાતો જેમકે પાકની વાવણી, લણણી પછીના ખર્ચ, પેદાશોનું માર્કેટિંગ, કૃષિ સંપત્તિની જાળવણી, કૃષિ પ્રવૃત્તિઓ અને ખેડૂત પરિવારોની વપરાશની જરૂરિયાતો માટે સિંગલ સિસ્ટમ દ્વારા લવચીક અને સરળ પ્રક્રિયા સાથે બેન્કિંગ સિસ્ટમ દ્વારા પર્યાપ્ત અને સમયસર ક્રેડિટ સપોર્ટ પૂરો પાડવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

## (3) સુચિત રોગના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) સૂચિત રોગ એ કોઈ પણ એવી બિમારી હોય છે જેને કાયદા અનુસાર સરકારી અધિકારીઓને જાણ કરવી આવશ્યક હોય છે.
(2) રાજ્ય સરકાર કોઈપણ રોગને સૂચિત કરવા અને તેના અમલીકરણ માટે સશક્ત છે.
(3) કોઈ સૂચિત રોગની જાણ કરવામાં નિષ્ફળતા એ ગુનાહિત ગુનો છે અને રાજ્ય સરકાર આવા દોષિતો સામે જરૂરી કાર્યવાહી કરી શકે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (1) અને (3)
(C) માત્ર (2) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ સૂચિત રોગ એ કોઈ પણ થતી એવી બિમારી છે જેને કાયદા હેઠળ સરકારી અધિકારીઓને જાણ કરવી આવશ્યક હોય છે.

⇛ આ પ્રક્રિયા સરકારને નિરીક્ષણ અને નિવારણ અને નિયંત્રણ માટેની યોજના ઘડવામાં મદદ કરે છે.

⇛ રાજ્ય સરકારને કોઈપણ રોગની જાણકારી અને અમલ કરવાનો અધિકાર છે.

⇛ કોઈ સૂચિત રોગની જાણ કરવામાં નિષ્ફળતા એ ગુનાહિત ગુનો છે અને રાજ્ય સરકાર આવા દોષિતો સામે જરૂરી કાર્યવાહી કરી શકે છે.

⇛ કેન્દ્ર દ્વારા કોલેરા, ડિપ્થેરિયા, એન્સેફાલીટીસ, રક્તપિત્ત, મેનિન્જાઈટિસ, પર્ટુસિસ (કફની ઉધરસ), પ્લેગ, ક્ષય રોગ, એડ્સ, હિપેટાઈટિસ, ઓરી, પીળો તાવ, મેલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગોની સૂચના આપવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) ભારતમાં વીજ ક્ષેત્રના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) છેલ્લા દસ વર્ષમાં થર્મલ પાવર પ્લાન્ટની ક્ષમતામાં ઘટાડો થયો છે.
(2) ગેસમાંથી મેળવેલી કુલ ઊર્જા કાર્યક્ષમતા તેલ કરતાં ઓછી હોય છે.
(3) ભારતમાં કુલ ઊર્જા ક્ષેત્રમાં 40%થી વધુ ઊર્જા એ નવીનીકરણ ઊર્જા દ્વારા આવે છે.

(A) માત્ર (1)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ થર્મલ પાવર પ્લાન્ટ્સની ક્ષમતા ઉપયોગ, જેને પ્લાન્ટ લોડ ફેકટ (PLF) તરીકે પણ ઓળખવામાં આવે છે, તે વર્ષ 2009-10 ના 78%થી ઘટીને વર્ષ 2018-19માં 61% થઈ ગઈ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ લો PLF એટલે કે થર્મલ પ્લાન્ટ્સ નિષ્ક્રિય રહેવા આવું બળતણની અનુઉપલબ્ધતા, સરપ્લસ ક્ષમતા (દેશના કેટલાક વિસ્તારોમાં), ઓછી વીજળી માંગ અથવા અન્ય સ્ત્રોતોની માંગને કારણે હોઈ શકે છે.

⇛ વીજ ઉત્પાદનમાં કોલસાની ભાગીદારી 55% જેટલી છે. કુલ થર્મલ પાવર ઉત્પાદન (કોલસો અને કુદરતી ગેસ સહિત) 64% છે. કુલ ઊર્જા ક્ષમતાના લગભગ 21% નવીનીકરણીય ઊર્જાથી આવે છે. હાઈડ્રોપાવરનો હિસ્સો 13% અને અણુશકિત 2% ભાગ ધરાવે છે. ગેસમાંથી ઊર્જાનો હિસ્સો (જાન્યુઆરી 2019 સુધીમાં) 7.1% અને તેલનો 0.2% છે. (આથી, વિધાન (2) અને (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (5) તાજેતરમાં રાષ્ટ્રીય આંકડાકીય સંગઠન (NSO) દ્વારા જાહેર કરવામાં આવેલા "હેલ્થ ઈન ઈન્ડિયા" રિપોર્ટના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) રિપોર્ટ મુજબ 5 વર્ષથી ઓછી ઉંમરના 59.2% બાળકો સંપૂર્ણ રીતે પ્રતિરક્ષિત છે.
(2) પ્રત્યેક 5 માંથી 2 બાળકોનો પ્રતિરક્ષણ રસીકરણ કાર્યક્રમ પૂરો થતો નથી.
(3) રિપોર્ટ મુજબ ફક્ત 40% બાળકો ઓરીથી સુરક્ષિત છે.
(4) સૌથી વધુ રસીકરણ મણિપુરમાં જોવા મળ્યું છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇒ જવાબ :- D

**સમજૂતી :**

⇒ તાજેતરમાં રાષ્ટ્રીય આંકડાકીય સંગઠન દ્વારા 'હેલ્થ ઈન ઈન્ડિયા" રિપોર્ટ પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

⇒ આ રિપોર્ટ એ સ્વાસ્થ્ય સંબંધિત કૌટુંબિક સામાજિક વપરાશ પર રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણના 75માં રાઉન્ડના આંકડાઓ પર આધારિત છે.

⇒ રિપોર્ટની મુખ્ય બાબતો :

- દેશભરમાં 5 વર્ષથી ઓછી ઉંમરના માત્ર 59.2% બાળકો સંપૂર્ણ રીતે પ્રતિરક્ષિત (Immunised) છે.
- પ્રત્યેક 5માંથી 2 બાળકોનો પ્રતિરક્ષણ રસીકરણ કાર્યક્રમ પૂરો થતો નથી.
- દેશભરમાં લગભગ 97% બાળકોમાં ઓછામાં ઓછું એક રસીકરણ થઈ શકે છે અને ફક્ત 67%, બાળકો જ ઓરીથી સુરક્ષિત છે.
- ફક્ત 58%ને પોલીયો બુસ્ટર આપવામાં આવેલ છે.
- રાજ્યોમાં મણિપુર (75%), આંધ્રપ્રદેશ (73.6%) અને મિઝોરમ (73.4%)માં પૂર્ણ રસીકરણનો ઉચ્ચતમ દર નોંધવામાં આવ્યો છે.
- નાગાલેન્ડમાં ફક્ત 12% બાળકોને સંપૂર્ણ રસીકરણ આપવામાં આવ્યું છે, ત્યારબાદ પુડુચેરી (34%) અને ત્રિપુરા (39.6%)નું સ્થાન રહયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT